Potato is Wholesome Food

# DEESA- BANASKANTHA
## COLD STORAGE ASSOCIATION

C/o. Ganesh Seeds Corporation, Shop No.7 Shivalika Shopping Centre, Deesa-385535 (Gujarat)

**Dharmabhai Chaudhary**
President
Mo. +91 94276 39245

**Mafatlal Tank**
Vice President
Mo. +91 98241 42331

**Ref. No.** 17

**Date :** 05/07/2026

નમસ્તે ,

<u>ડીસા-બનાસકાંઠા કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન ના સભ્યો ની જાણકારી માટે</u>

ગત રોજ તારીખ ૦૪/૦૭/૨૬ શનિવાર ના રોજ પાલનપુર ખાતે GPCB ( ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) ની કચેરી ખાતે એક બેઠક યોજાઈ હતી જેમાં આપણા એસોસિએશન ની કારોબારી સમિતિ ના સભ્યો હાજર રહ્યા હતા. કોલ્ડ સ્ટોરેજ એકમો ને GPCB ના લાયસન્સ ફરજિયાત પણે વહેલી તકે લેવા માટે સૂચના આપવામાં આવી છે. તારીખ ૦૭/૦૧/૨૦૨૬ બુધવાર ના રોજ અજંતા કોલ્ડ સ્ટોરેજ ખાતે યોજાયેલ પ્રથમ કારોબારી બેઠકમાં GPCB ના અધિકારીઓ દ્વારા જે સૂચન કરવામાં આવ્યું હતું તેનું ગઈ કાલે પુનરાવર્તન થયું હતું.

આપણી કોલ્ડ સ્ટોરેજ ઇન્ડસ્ટ્રી GPCB ( ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) અને CPCB (કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) મુજબ ગ્રીન કટેગરી માં આવે છે તેથી આપણે ફરજિયાત બે લાયસન્સ /સર્ટિફિકેટ લેવા ફરજિયાત છે [1] CTE CONSENT TO ESTABILSH [2] CAA/CTO: CONSOLIDATED CONSENT AND AUTHORIZATION.

ગઈ કાલે GPCB પાલનપુર ખાતે હાજર અધિકારી મનાલીબેન ભટ્ટ અને દીપકભાઈ પ્રજાપતિ દ્વારા વિડિયો કોન્ફરન્સ દ્વારા ગાંધીનગર ખાતે હાજર GPCB ના ડિરેક્ટર દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કોઈ પણ ઉદ્યોગ ચલાવવા માટે લેવા પડતા તમામ લાયસન્સ લેવા એ ફરજિયાત છે અને જે તે ઉદ્યોગ માલિકે નૈતિક જવાબદારી સમજીને લેવા પડે.

CPCB (કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) દિલ્હી દ્વારા નવી ગાઇડલાઇન Uniform Consent Mechanism ૨૦૨૫ જાહેર કરવામાં આવી છે જે મુજબ હવે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ને લગતા તમામ નિયમો આખા દેશમાં એક સમાન રહેશે. આ પોલિસી અંતર્ગત લાયસન્સ ની ફી મા પણ ખુબજ વધારો કરવામાં આવી રહ્યો છે.

તો બધા કોલ્ડ સ્ટોરેજ માલિકોને જાણ કરવામાં આવે છે કે સત્વરે GPCB ના લાયસન્સ માટે અરજી કરી લાયસન્સ મેળવવા સૂચન કરવામાં આવ્યું છે. GPCB પાલનપુર અને ગાંધીનગર ઓફિસ આ બાબતે ખુબજ હકારાત્મક અભિગમ દાખવ્યો છે અરજી કર્યા ના ૧૫ દિવસ સુધી લાયસન્સ આપી દેવાની ખાતરી આપી છે.

વિડિયો કોન્ફરન્સ મા તેમણે એક ઉદાહરણ આપ્યું હતું આપણા પાડોશી રાજ્ય રાજસ્થાન મા કોલ્ડ સ્ટોરેજ ઇન્ડસ્ટ્રી White કેટેગરી માં આવતી હતી પરંતુ CPCB ની ૨૦૨૫ ની નવી ગાઇડલાઇન મુજબ હવે રાજસ્થાન કોલ્ડ સ્ટોરેજ ઇન્ડસ્ટ્રી Green કેટેગરી મા આવી ગઈ છે.

તો હવે એક વાત ચોક્કસ છે કે GPCB ના લાયસન્સ લેવા ફરજિયાત છે અને તેના માટે લાગુ ફી નુ ધોરણ કોલ્ડ સ્ટોરેજ ની હાલની કિંમત જે છેલ્લી બેલેન્સશીટ માં મુજબ ગણાશે.
હાલ તો લાયસન્સ માટે ની પ્રોસેસ મા બે પેરામીટર ધ્યાને લેવામાં આવતા હોય છે
૧ પાણી પ્રદુષણ
૨ હવા પ્રદુષણ
હાલ ના તબક્કે માત્ર પાણી થી થતું પ્રદુષણ ઉપર ફી વસુલવામાં આવે છે જે વાર્ષિક ૧,૫૦૦/- રૂપિયા અને લેટ ફી છે. CPCB હવા પ્રદુષણ પણ ઉમેરવા જઈ રહ્યું છે. જે લાગુ પડશે ત્યારે પ્રોસેસ થોડીક વધારે જટીલ બનશે.

GPCB માટે જરૂરી કાગળો/ માહિતી નીચે મુજબ છે
[1] એક મોબાઈલ નંબર અને એ E-MAIL ID
[2] પ્રોપર્ટી [કોલ્ડ સ્ટોરેજ ] ના ડોક્યુમેન્ટ – N A ઓર્ડર, લેઆઉટ,બાંધકામ મંજૂરી,
૭ ૧૨ અને ૮ અ, ગામ નમૂનો ૨ અથવા પ્રોપર્ટી કાર્ડ .
[3] CA સર્ટીફિકેટ
[4] ભાગીદારોના પાન કાર્ડ અને આધારકાર્ડ
[5] મેન્યુફેક્ચર પ્રોસેસ [ કોલ્ડ સ્ટોરેજ શું કામ કરે છે તે ]
[6] કોલ્ડ સ્ટોરેજ કેપેસિટી.

અલ્પેશભાઈ સાંખલા મોબાઈલ નંબર 95377 04577 જેઓ કોલ્ડ સ્ટોરેજ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા છે તેઓ આ પ્રોસેસ સરળતાથી કરાવશે, જે કોલ્ડ સ્ટોરેજ લાયસન્સ ની પ્રોસેસ કારવા ઇચ્છતા હોય તેઓ એમનો સંપર્ક કરશો.

દરેક સભ્યો ને કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન કારોબારી સમિતિ વતી નમ્ર વિનતિ છે કે GPCB લાયસન્સ લેવા ફરજિયાત છે અને નિયમોની ગંભીરતા સમજીને સત્વરે અરજી કરશોજી.

ધન્યવાદ.

પ્રમુખ/હોદેદારો
ડીસા-બનાસકાંઠા કોલ્ડ સ્ટોરેજ અસોશિએશન.